કોવિડ-૧૯ રોગચાળાને નિયંત્રિત કરવાના ભાગરૂપે લેવાના થતાં પગલા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
હુકમ ક્રમાંક-એનસીવી/૧૦૨૦૨૦/એસએફ-૦૧/ગ
તા.૨૩.૦૩.૨૦૨૧

હુકમ:-

હાલ વિશ્વ અને દેશમાં પ્રવર્તી રહેલા કોવિડ-૧૯ રોગચાળાને કાબુમાં લેવા માટે રાષ્ટ્રીય તેમજ રાજ્યકક્ષાએ સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. ગત દિવસોમાં ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ ના કેસોમાં અત્યંત વધારો જોવા મળેલ છે, તેમજ ગુજરાત રાજ્યમાં ગત અઠવાડિયા દરમ્યાન જોવા મળેલ કેસોમાં કોન્ટેક્ટ ટ્રેસિંગ હાથ ધરતા આ કેસોમાં પણ મહારાષ્ટ્રમાંથી મુસાફરી કરીને પરત આવેલ કે તેના ઘનિષ્ઠ સંપર્કમાં આવેલ વ્યક્તિઓમાં પણ કોરોનાના સંક્રમણનું પ્રમાણ વધારે જોવા મળેલ છે.

મહારાષ્ટ્ર રાજયમાંથી કોવિડ-૧૯ નાં કેસોનો વ્યાપ ગુજરાત રાજયમાં ન વધે તે માટે તકેદારીના પગલાંરૂપે એપિડેમિક ડીસીઝ એકટ,૧૮૯૭ અન્વયે મળેલ સત્તાની રુએ નીચે મુજબના પગલાં લેવા હુકમ કરવામાં આવે છે.

- મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશ ઈચ્છુક તમામ વ્યક્તિઓએ છેલ્લાં ૭૨ કલાકમાં RTPCR ટેસ્ટ કરાવેલ હોય અને તેનો રીપોર્ટ નેગેટીવ હોય તેઓને જ પ્રવેશ મળવાપાત્ર થશે.
- મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશ કરનાર તમામ વ્યકિતઓનું સ્ક્રીનીંગ ફરજીયાત પણે કરવાનું રહેશે.

આ હુકમનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારિયા)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના સંયુકત સચિવશ્રી, મંત્રાલય, મુંબઈ, મહારાષ્ટ્ર
- અધિક મુખ્ય સચિવશ્રી,મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,સચિવાલય
- સચિવશ્રી(પ્રવાસન) ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક, પહેલો માળ, પોલીસ ભવન,સેકટર-૧૮, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ.
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.
- એરપોર્ટ મેનેજરશ્રી (ટર્મીનલ) ડોમેસ્ટીક એરપોર્ટ, શાહીબાગ, અમદાવાદ.
- ડીવીઝનલ મેનેજરશ્રી, પશ્ચિમ રેલવે, અમદુપુરા, અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજ. રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ.
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- માહિતિ નિયામકશ્રી,બ્લોકનં-૧૯/૧, જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, અમદાવાદ
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદ
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦